For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપ્યું

# MSUના 74મા દીક્ષાંત સમારોહમાં કુલ 354 સુવર્ણપદકો એનાયત કરાયા : 163 વિદ્યાર્થિનીઓ અને 66 વિદ્યાર્થીઓ

દીક્ષાંત સમારોહ એ વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે શું જવાબદારી નિભાવી શકાય, એ મંથન કરવાનો દિવસ છેઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી


તસવીર : રણજીત સૂર્વે

(પ્રતિનિધિ) વડોદરા તા.8

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ૭૪મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા સહિતના મહાનુભાવો દ્વારા કુલ ૩૫૪ સુવર્ણપદકો એનાયત કરવામાં આવ્યા હતા. સુવર્ણપદક મેળવનારાઓમાં ૧૬૩ વિદ્યાર્થિનીઓ અને ૬૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

દીક્ષાંત પ્રવચનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સુવર્ણપદક મેળવનાર અને પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવીને ઉજ્જવળ ભવિષ્યની કામના કરતા જણાવ્યું હતું કે, આજનો દિવસ મહત્વનો હોવાની સાથે મંથન કરવાનો પણ છે. વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત માટે આપણે શું યોગદાન આપી શકીએ, તે દીક્ષાંત સમારોહના પવિત્ર દિવસે ચોક્કસથી વિચારવું જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ભવ્ય અને સમૃદ્ધ વારસા તેમજ ગૌરવને ફરી પ્રસ્થાપિત કરી તેને આગળ વધારવાનું કામ કરી રહ્યા છે, ત્યારે સમાજને શિક્ષિત, વિકસિત અને સમૃદ્ધ બનાવવાની જવાબદારી યુવાઓના શિરે હોય છે. સમાજકલ્યાણનો ભાવ રાખીને ભારતીય જીવન મૂલ્યો અને સંસ્કૃતિના અભિન્ન અંગ બનવા રાજ્યપાલએ ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

મહારાજા સયાજીરાવ ગાયકવાડનું જીવન આજની અને આવનારી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે તેમ કહીને રાજ્યપાલએ મહારાજાના શિક્ષણપ્રેમ અને પ્રજાપાલનની વાત કરી હતી. નવસ્નાતકોને શીખ આપતા રાજ્યપાલએ કહ્યું કે, યુનિવર્સિટીમાંથી જે શિક્ષણ મેળવ્યું છે, એના ઉપયોગ થકી સમાજને પરત આપવાનો સમય છે. શિક્ષણનો ઉદ્દેશ શ્રેષ્ઠ સમાજ અને ઉન્નત રાષ્ટ્ર નિર્માણનો છે.

પ્રાચીન ભારતમાં દીક્ષાંત સમારોહનું આગવું મહત્વ સંસ્કૃતના શ્લોકો અને વેદોના ઉલ્લેખ સાથે સમજાવીને રાજ્યપાલએ ગુરૂકુળમાં મળતા શિક્ષણધન અને સમાવર્તન સંસ્કારની રસપ્રદ અને પ્રેરક પરંપરાની ઝાંખી કરાવી હતી. તેમણે પદવી મેળવનારા વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, હવે તમે કાર્યક્ષેત્રમાં જઈ રહ્યા છો, ત્યારે સમાજ અને દેશને તમારાથી ખૂબ અપેક્ષાઓ છે. સત્યના આચરણ સાથે કર્તવ્યનું પાલન અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને હૈયે રાખીને વિદ્યાનો વ્યાપ સમાજના તમામ વર્ગ અને લોકોમાં ફેલાવવા માટે રાજ્યપાલએ આહ્વાન કર્યું હતું.

## શિક્ષણનો વ્યાપ સતત વધે જેથી વિકાસની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવાનું સરકારનું લક્ષ્ય છેઃ શિક્ષણ મંત્રી

**નવી રાષ્ટ્રીય** શિક્ષણ નીતિના અમલીકરણથી ભારતીય જ્ઞાનની ગૌરવપૂર્ણ પરંપરાનું પુનરોત્થાન થયુંઃ ડૉ. પ્રદ્યુમન વાજા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ મહર્ષિ વેદ વ્યાસે આપેલી જ્ઞાન અને કર્મની વિભાવનાને ટાંકીને જણાવ્યું હતું કે, પદવી મેળવ્યા બાદ વિદ્યાર્થીઓની જવાબદારી માત્ર વ્યક્તિગત ઉત્કર્ષ પૂરતી સીમિત ન રહેતા, રાષ્ટ્ર નિર્માણ અને સમાજ કલ્યાણના પવિત્ર કાર્યમાં સક્રિય યોગદાન આપવાની હોય છે. એમ. એસ. યુનિવર્સિટીનો ઉદ્દેશ શિક્ષણનો ફેલાવો છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી ગુજરાત સરકારનો લક્ષ્ય પણ શિક્ષણના સતત ફેલાવા સાથે વિકાસના શિખરો સર કરવાનો છે.

શિક્ષણ મંત્રી ડો. વાજાએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણથી ભારતીય જ્ઞાનની ગૌરવપૂર્ણ પરંપરાનું પુનરોત્થાન થયું છે. આ નવી શિક્ષણ નીતિમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડના જીવનદાયી વિચારો અને પ્રેરણાના પણ દર્શન થાય છે. પોતાના વડોદરા સાથેના સંબંધોનો ઉલ્લેખ કરીને શિક્ષણ મંત્રીએ ડો. બાબાસાહેબ આંબેડકરની મહારાજા સયાજીરાવ ગાયકવાડે એનાયત કરેલી ડિગ્રીનો ઉલ્લેખ કર્યો હતો.

વંદે માતરમ્ ગાન અને લોહ પુરૂષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ હોવાથી આ વર્ષે પદવી મેળવનાર વિદ્યાર્થીઓ વધારે ગર્વ અનુભવશે, તેમ કહી મંત્રીએ વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા અને પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા. સ્વામી વિવેકાનંદના શબ્દોને ટાંકીને મંત્રીએ વિદ્યાર્થીઓને સતત શીખવાની ધગશ રાખવાની સોનેરી શીખ આપી હતી. વિદ્યાર્થીઓને આવતીકાલના જવાબદાર નાગરિકો તરીકે સંબોધીને ડો. વાજાએ જીવનમાં આવતા પડકારોનો સામનો કરીને વિકસિત ભારતમાં સહભાગી થવા અનુરોધ સાથે સફળ થવાના પ્રેરણાદાયી મંત્રો આપ્યા હતા.

કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભણગેએ સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોએ મેળવેલી સિદ્ધિઓની ભૂમિકા આપી હતી. કુલસચિવ પ્રો. કે. એમ. ચુડાસમાએ આભારવિધિ કરી હતી. આ દીક્ષાંત સમારોહમાં યુનિવર્સિટીના વ્યવસ્થાપક મંડળના સભ્યો, વિવિધ વિદ્યાશાખાનો વડાઓ, પ્રાધ્યાપકો, સુવર્ણપદક વિજેતા અને પદવીધારક વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીનો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની રાજમાતાએ શુભકામનાઓ પાઠવી

ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવતા કુલાધિપતિ રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડે પદવીધારકોને માનવકલ્યાણ અને સમૃદ્ધિ માટે સખત મહેનતથી કામ કરવાનો માર્ગ પ્રશિસ્ત કરી પોતાના ચારિત્ય, સંસ્કાર થકી યુનિવર્સિટીનું નામ ગૌરવાન્તિ કરવા જણાવ્યું હતું. આજે તમે વિદ્યાર્થી જીવનમાંથી સમાજ જીવનમાં પદાર્પણ કરી રહ્યા છો, ત્યારે મેળવેલ શિક્ષણને આત્મસાત કરી સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કરો એવી શુભેચ્છાઓ પાઠવી હતી. એમ. એસ. યુ. ગુજરાતની સૌથી અલગ અને પ્રાચીન યુનિવર્સિટી કહી વડોદરાના રાજવી પરિવારે આ યુનિવર્સિટી માટે આપેલા અમૂલ્ય યોગદાનનું પણ તેમણે વર્ણન કર્યું હતું.

## ભારતમાં જ ભણીને ભારતમાં વિકાસ કરવો જોઈએ જેથી દેશ આગળ આવે


**રૂષિ ચોટલિયા**
ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જીનિયરિંગ

ફેકલ્ટી ઓફ ટેકનોલોજી સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટમાંથી બી સિવિલ એન્જિનિયર કરેલું છે. મને ૯ ગોલ્ડ મેડલ મળ્યા છે. મારું સપનું છે સરકારી અધિકારી તરીકે હું ભાગ ભજવવા ઇચ્છું છું. સરકારી નોકરીની સાથે સાથે અલગ અલગ જ્ઞાન તો મળતું રહે છે. ગવર્મેન્ટ ઓફ ગુજરાતમાં જ કામ કરવું છે. છોકરીઓએ મેદાન માર્યું છે એ વાત સાચી પણ છોકરાઓ પણ કાંઈ ઓછા નથી. મારા માતા-પિતા ખૂબ જ સપોર્ટિંગ છે એના કારણે જ આજે નવ મેડલ મારા આવ્યા છે. મારા પિતા ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર છે અને માતા હાઉસવાઈફ છે. ભણવું હોય તો ભારતમાં જ ભણીને ભારતમાં જ વિકાસ કરવો જોઈએ ભારત માટે જ કામ કરવું જોઈએ જેથી આપણો દેશ આગળ આવે દેશની સેવા કરવી જોઈએ મારું એજ મંતવ્ય છે.

**9 મેડલ મેળવ્યા :**

1. ડો.પિયુષ પરીખ ગોલ્ડ મેડલ 2.એક્સપ્રેસ ગ્રુપ ગોલ્ડ મેડલ
3. લેટ ફરામજી કાવસજી કોન્ટ્રાક્ટર ગોલ્ડ મેડલ
4. લેટ પ્રોફેસર ડો.પિયુષ પરીખ મેમોરિયલ ગોલ્ડ મેડલ
5. પ્રો.ડો. એ.વી.શ્રોફ ગોલ્ડ મેડલ
6. પ્રો.આર.એચ.શાહ ઉમરેઠવાલા મેમોરિયલ ગોલ્ડ મેડલ
7. પ્રો.ડી સુબ્બારાવ મેમોરિયલ ગોલ્ડ મેડલ
8. શ્રી કે.એચ.પટેલ ગોલ્ડ મેડલ
9. વિસનગર તાલુકા મજુર સહકારી મંડલી લિમિટેડ ગોલ્ડ મેડલ

## સારી ડોક્ટર બનીને સમાજમાં સેવા આપીશ


**ડો.પ્રાંજલ રાજપુત**
ફેકલ્ટી ઓફ મેડિસિન

એમબીબીએસની ફિલ્ડમાં ફેકલ્ટી ઓફ મેડિસિનની અંદર 6 ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયા છે. આ ગોલ્ડ મેડલ મળવા પાછળનો શ્રેય હું મારા માતા પિતા મારા ફ્રેન્ડ્સ અને મારા જે શિક્ષકો જેમણે સતત મારી પાછળ મહેનત કરી છે. એમને હું સમર્પિત કરવા માગું છું. હું આગળ એક સારી ડોક્ટર બનીને કોમ્યુનિટીમાં સેવા આપીશ. અને સારું ભવિષ્ય બનાવીશ :

**6 મેડલ મેળવ્યા :**

1. ડો.શ્રીમતી ઇન્દુમતી ઠાકોરભાઈ પટેલ મેમોરિયલ ગોલ્ડ મેડલ
2. ડો.એચ.સી. શ્રીવાસ્તવ, M.S., F.A.M.S. ગોલ્ડ મેડલ
3. ડો.મણીલાલ લલ્લુભાઈ પરીખ સુવર્ણચંદ્રક
4. ડો.યોગેન્દ્ર દિવાંજી અને શ્રીમતી. દમયંતી દિવાંજી ગોલ્ડ મેડલ
5. શ્રી ચંદુલાલ ચુનીલાલ લલ્લુભાદરવાલા ગોલ્ડ મેડલ
6. સુસ્મિતા પટેલ મેમોરિયલ ગોલ્ડ મેડલ

### ખેડૂત માતા-પિતાની દીકરીએ કોચિંગ વિના 5 ગોલ્ડ મેડલ મેળવ્યા



હું ભાવનગર મહુવાની છું. મારું માસ્ટર ડિગ્રી ઇન કોમર્સમાં એમએસયુ માંથી પૂર્ણ કર્યું છે. માસ્ટર ડિગ્રીમાં એકાઉન્ટ એન્ડ ફાઇનાન્સિયલ મેનેજમેન્ટમાં એડમિશન છે એમાં સુપર સ્પેશિયલાઈઝેશન ટેક્સેસનમાં મારુ હતું. મેં કોઈ કોચિંગ ક્લાસ કર્યા નથી, યુજી, પીજીમાં પણ નથી કર્યા, રેગ્યુલર કોલેજના લેક્ચર એટેન્ડ કરતી હતી અને બાકી હોસ્ટેલ પર આવી મારી જાતે જ અભ્યાસ કરતી હતી. હોસ્ટેલમાં જ રહું છું. આની પાછળ મારી ફેમિલી ટીચર ને પૂરેપૂરો સપોર્ટ છે. મારા માતા-પિતા બંને ફાર્મર છે. આગળ મારે પીએચડી કરવું છે.
**- પ્રવિણાબેન** સીસારા, ફેકલ્ટી ઓફ કોમર્સ

### કોઈપણ વિભાગ હોય વધારેથી વધારે લોકોને મદદ કરવાનું સ્વપ્ન



ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સરકારી કન્યાલય છાત્રાલયમાં રહી મેં મારો અભ્યાસ પૂર્ણ કર્યો છે. મૂળ હું દ્વારકાની છું. મેં એમએસયુમાંથી બેચલર ઓફ એજ્યુકેશન બીએડની ડીગ્રી મેળવી એના માટે મને ગોલ્ડ મેડલ મળ્યો છે. અને મેં જે આ પહેરવેશ પહેર્યો છે, પણ એના અલગ અલગ સ્વરૂપ હોય છે. મતલબ કે જે હિસાબથી આહીરની કોમ્યુનિટી હોય એમાં પણ ટાઇપ હોય એવી રીતે બધા અલગ અલગ પહેરે તો મેં જે આ પહેરવેશ પહેર્યો છે, હું વધારેથી વધારે લોકોની મદદ કરી શકું, એજ્યુકેશનની ટર્મમાં હોય કે બીજા કોઈ પણ ટર્મમાં હોય વધારે ને વધારે લોકોને મદદરૂપ કરીશ. **-ગોજિયા આશાબેન વજસીભાઈ,** બેચલર ઓફ એજ્યુકેશન

### ગોલ્ડ મેડલ મેળવતા સુર્વે પરિવારમાં ખુશીની લાગણી



ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સમાંથી 1 ગોલ્ડ મેડલ મેળવ્યો છે. હું પ્રથમ દીકરી છું,જેણે સમગ્ર સુર્વે ફેમેલીમાંથી આવો ગોલ્ડ મેડલ મેળવ્યો હોય. મારા પિતા અહીં ક્રિકેટના કોચ છે. માતા હાઉસ વાઈફ છે. મેં કોઈ કોચિંગ ક્લાસ કર્યા નથી. યુનિવર્સીટીમાં જે શિક્ષક અભ્યાસ કરાવતા હતા તેજ આવીને ઘરે હું અભ્યાસ કરતી હતી. આગળ મારે ફૂડ પ્રોડક્ટ ડેવલોપમેન્ટમાં જવું છે - **સંજના નીતિનભાઈ સુર્વે,** ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સ

### સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંતર્ગત નિમણૂંક કરાઈ

# વડોદરા મ્યુનિસિપલ કમિશનર સ્પેશિયલ ડિસ્ટ્રીક્ટ ઈલેક્શન ઓફિસર તરીકે નિયુક્ત

**પાલિકાના** 1250 કર્મચારીઓને સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝનની કામગીરી સોંપાઈ, આવતીકાલથી ટીમ કામગીરી શરૂ કરશે

**ચૂંટણી યાદીની** રિવિઝન કામગીરી ઝડપી રીતે પૂર્ણ થાય તે માટે પાલિકા તરફથી વોલન્ટિયર્સની પણ નિમણૂક કરાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.8

ગુજરાતમાં હાલ ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા અંતર્ગત વડોદરા શહેર માટે ચૂંટણી પંચ દ્વારા વડોદરા મહાનગરપાલિકાના કમિશનરને સ્પેશિયલ ડિસ્ટ્રીક્ટ ઈલેક્શન ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિયુક્તિ બાદ હવે વડોદરા મહાનગરપાલિકા તરફથી આશરે 1250 જેટલા કર્મચારીઓને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનની કામગીરી સોંપવામાં આવશે. પાલિકાના વિવિધ વિભાગોના કર્મચારીઓ આ પ્રક્રિયામાં જોડાશે. આ કામગીરી આવતીકાલથી શરૂ થશે, જેમાં ફોર્મ વિતરણ અને સ્વીકારણીની પ્રક્રિયા પણ શરૂ થઈ જશે. આ માટે શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ સેન્ટર ઉભા કરાશે, જ્યાં નાગરિકો પોતાનું નામ ઉમેરવા, સુધારવા અથવા કાઢવા માટે અરજી કરી શકશે. ચૂંટણી યાદીની રિવિઝન કામગીરી ઝડપી રીતે પૂર્ણ થાય તે માટે પાલિકા તરફથી વોલન્ટિયર્સની પણ નિમણૂક કરવામાં આવશે. વોલન્ટિયર્સ કર્મચારીઓને મદદરૂપ બનીને ફોર્મ ભરાવવાની અને જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી કરશે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ આ સમગ્ર કામગીરી નક્કી કરાયેલા સમયગાળામાં પૂર્ણ કરવામાં આવશે.

### રાવપુરા પોલીસ દ્વારા તપાસ કરીને ઉચ્ચ અધિકારીના રિપોર્ટ કરી દેવાયો

# નવલખી ગ્રાઉન્ડમાં યુવકને મારી બાઈક સળગાવી દેનાર હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ

**ફરજ** પર ન હોવા છતાં સિવિલમાં જઇને યુગલ સાથે રોફ મારી પોલીસ કર્મી સામે સીપી લાલઘૂમ



(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના રાજમહેલ રોડ પર આવેલા રાત્રીના સમયે બેઠેલા યુગલ પાસે રાવપુરા પોલીસના હેડ કોન્સ્ટેબલ ફરજ પર ન હોવા છતાં તેના બે ભાણિયા સાથે ત્યાં પહોંચી ગયો હતો અને લાઇસન્સની માગણી કરી યુવકને ઢોર માર્યાં બાદ બાઇક પણ સળગાવી દીધી હતુ. પોલીસે હેડ કોન્સ્ટેબલ સહિતના ત્રિપુટીની ધરપકડ કરી હતી. ત્યારે આગામી દિવસોમાં પોલીસ કર્મી સામેની તપાસનો રિપોર્ટ કરી દેવાયો હતો. જેથી પોલીસ કમિશનર દ્વારા નિલેશ બારૈયાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે.

ડભોઇ તાલુકાના કુઢેલા પાસે આવેલા મહમદપુરા ગામે મસ્જિદ ફળિયામાં રહરેતા સરફરાઝ ગફુરભાઇ ગરાસીયા નવાપુરા વિસ્તારમાં આવેલી શંખેશ્વર ટ્રાવેલ્સની ઓફિસમાં નોકરી છુટીને 6 નવેમ્બરના રોજ મહિલા મિત્ર સાથે નવલખી ગ્રાઉન્ડમાં રાત્રીના સમયે બેઠો હતો. દરમિયાન રાવપુરા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ નિલેશ વનરાજ બારૈયા તેના બે ભાણિયા ભૌતિક ભીલ તથા ચતુર બારૈયા યુગલ પાસે આવી પહોંચ્યાં હતા અને યુવક પાસે લાઇસન્સ સહિતના ડોક્યુમેન્ટસની યુવક અને યુવતીને સમાધાન કરાવવાનું કહીને ગ્રાઉન્ડમાં કૃત્રિમ તળાવ પાસે લઇ લઇ ગયાં હતા. ત્યારબાદ હેડ કોન્સ્ટેબલ સહિતની ત્રિપુટીએ યુવકને ઢોર માર માર્યો હતો. જોકે યુવતી ત્યાંથી ભાગી છુટી હતી. રોષ ભરાયેલા હેડ કોન્સ્ટેબલ સહિતના ત્રણ આરોપીઓ રોષે ભરાઈની યુવકની બાઇકને પણ સળગાવી દીધી હતી. યુવકે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પોલીસનો રોફ ઝાડનાર હેડ કોન્સ્ટેબલ નિલેશ વનરાજ બારૈયા, ભૌતિક ભીલ તથા ચુતર બારૈયાની ધરપકડ હતી. એસીપી અશોક રાઠવના અધ્યક્ષ સ્થાન હેઠળ તપાસ કરાઈ હોવાનો રિપોર્ટ પણ પોલીસ કમિશનરને કરી દેવામાં આવ્યો છે. જેના કારણ પોલીસ કમિશનર દ્વારા આ પોલીસ કર્મી સામે લાલ આખ કરીને આ કર્મચારી નિલેશ બારૈયાના સસ્પેન્ડ કરી દેવાયા છે.

# ઈન્ડિગો મુંબઈ ફ્લાઈટ 6E 5126 / 6087 ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી

**એરલાઇન્સ** દ્વારા મુંબઈ જનાર મુસાફરોને વૈકલ્પિક રીતે અન્ય ફ્લાઇટમાં ટિકિટ અથવા રિફંડ આપવામાં આવશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા એરપોર્ટ પર ઇન્ડિગો એરલાઈન્સની ફ્લાઇટ નં. 6E 5126/6087 ઓપરેશનલ રિજનને કારણે રદ કરવામાં આવતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એરલાઇન્સ દ્વારા મુંબઈ જનાર મુસાફરોને વૈકલ્પિક રીતે અન્ય ફ્લાઈટમાં ટિકિટ અથવા રિફંડ આપવામાં આવશે. આ ઉપરાંત, દિલ્હીથી વડોદરા આવનારી ઇન્ડિગો એરલાઈન્સની અન્ય એક ફ્લાઈટ પણ એક કલાક જેટલી મોડી પડતાં એરપોર્ટ પર મુસાફરોને રાહ જોવી પડી હતી. નોંધનીય છે કે, દિલ્હી ઇન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેક્નિકલ ખામી આવતા હવાઈ મુસાફરી ધીમી પડી હતી. જ્યારે સો થી વધુ ફ્લાઈટના શિડ્યુઅલ ખોરવાયા હતા. જેમાં દિલ્હી વડોદરા રૂટની 6 ફ્લાઈટ પણ લેટ થઈ હતી.વડોદરા એરપોર્ટ પર આવનાર દિલ્હીની ફ્લાઈટ ઈન્ડિગો એર લાઈન્સની ફ્લાઈટ 66E5066 લેટ આવતા વડોદરાથી દિલ્હી જનાર ફ્લાઈટ 6E6662 એક કલાક મોડી ટેક ઓફ થતા 150 થી વધુ મુસાફરોને હાલાકી પડી હતી. જ્યારે સતત બીજા દિવસે શનિવારે ઈન્ડિગો મુંબઈ ફ્લાઈટ 6E 5126 / 6087 ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી હતી. જેના કારણે મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા હતા.

### કમોસમી વરસાદ બાદ હવે શિયાળાની ઠંડીનો રાઉન્ડ શરૂ

# વહેલી સવારે ઠંડીએ નગરજનોને ધ્રુજાવ્યા : તાપમાન 15.6 ડીગ્રી

**વહેલી** સવારે અને રાત્રે માથે ગરમ ટોપી અને શરીરે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

કમોસમી વરસાદ બાદ હવે શિયાળાની ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. તાપમાનનો પારો ગગડતા ઠંડીનો વર્તાવા લાગ્યો છે. શહેરમાં ગતરોજ 16.6 ડીગ્રી તાપમાન બાદ બીજા દિવસે એક ડીગ્રી ઘટાડા સાથે 15.6 ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. વહેલી સવારે અને મોડીસાંજે હવે નગરજનોને ફૂલ ગુલાબી ઠંડીનો અનુભવ થવા લાગ્યો છે. ત્યારે આગામી 18 થી 24 દરમિયાન વાતાવરણમાં પલટો આવવાની શકયતા છે.

રાજ્યમાં માવઠા બાદ હવે શિયાળાની ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. વડોદરા સહિત રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો 20 ડિગ્રી સેલ્સિયસ થી નીચું જતું રહ્યું હતું. વીતેલા 24 કલાક દરમિયાન હવામાન સૂકું રહ્યું હતું. ત્યારે વડોદરા શહેરમાં મહત્તમ તાપમાન 30.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન 15.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે એક પોઈન્ટ એક ડિગ્રી સેલ્સિયસ ઓછું રહ્યું હતું. શુક્રવારે રાત્રિના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. નિષ્ણાંતોના મતે 16 ડિસેમ્બર સુધીમાં માવઠું થવાની શક્યતાઓ રહેશે. 20 ડિસેમ્બરથી ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં જાણે કે, હિમચાદર થઈ ગઈ હોય તેવું જોવા મળશે. 22 ડિસેમ્બરથી કાતિલ ઠંડીને વેગ મળશે અને હાડ કમ્પાવતી ઠંડી પડશે. 11 મી જાન્યુઆરીથી ઠંડા પવન ફૂંકાશે તેમજ ઉત્તરાયણ બાદ પણ ઠંડા પવન ફૂંકાશે. રાજ્યમાં ઉત્તર પૂર્વથી પૂર્વ તરફના ફૂંકાઈ રહ્યા છે. આગામી બે દિવસ દરમિયાન ધીમે ધીમે બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાશે. હાલ વડોદરા શહેરમાં પણ તાપમાનનો પારો ગગડતા લોકોને ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. વહેલી સવારે અને મોડી સાંજે લોકોને હવે માથે ગરમ ટોપી અને શરીરે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. જ્યારે કેટલાક વિસ્તારોમાંતો અત્યારથી જ તાપણાનો દોર શરૂ થઈ ગયો છે.